(૧)

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૧૪/૧૦/૨૦૧૭નાં રોજ સાંજે ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એચ. એ. પંડયાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક સભ્યનું નામ | તા.૧૪/૧૦/૨૦૧૭ |
|---|---|
| ૧. પ્રો. એચ. એ. પંડયા, કુલપતિ | હાજર |
| ૨. ડો. પી. પી. પ્રજાપતિ | હાજર |
| ૩. પ્રિ. સૌરભ સી. ચોકસી | હાજર |
| ૪. પ્રો. આર. એસ. પટેલ | ગેરહાજર |
| ૫. ડો. મહેશભાઇ બી. પટેલ | હાજર |
| ૬. ડો. રૂષિકેશ વી. મહેતા | હાજર |
| ૭. ડો. બી. વી. પટેલ | હાજર |
| ૮. ડો. કે. એચ. ચીખલીયા | ગેરહાજર |
| ૯. ડો. પી. એન. ગજ્જર | ગેરહાજર |
| ૧૦.શ્રી મહેશભાઇ કસવાલા | ગેરહાજર |
| ૧૧.ડો. દિગ્વિજયસિંહ ગોહિલ | હાજર |
| ૧૨.ડો. મયુરીબેન પંડયા | હાજર |
| ૧૩.ડો. રંજનાબેન અરગડે | હાજર |
| ૧૪.ડો. જસવંત ઠક્કર | હાજર |
| ૧૫.ડો. કેતન દેસાઇ | ગેરહાજર |
| ૧૬.ડો. પી. આર. પટેલ | ગેરહાજર |
| ૧૭.ડો. એચ. સી. સરદાર | હાજર |
| ૧૮.ડો. ધરમસિંહ દેસાઇ | હાજર |
| ૧૯.ડો. એ. કે. દેસાઇ | હાજર |
| ૨૦.ડો. કમલેશ ચોકસી | ગેરહાજર |
| ૨૧.ડો. પંકજ શ્રીમાળી | ગેરહાજર |
| ૨૨.ડો. મુકેશ ખટીક | હાજર |
| ૨૩.ડો. કિર્તીદા શાહ | ગેરહાજર |

૨૪.ડો. મહિપતસિંહ ચાવડા — ગેરહાજર

૨૫.ડો. અર્ચના માંકડ — ગેરહાજર

૨૬.પ્રો. આર. જે. વર્મા — હાજર

૨૭.ડો. મીનુ શરાફ — હાજર

૨૮.ડો. એન. કે. જૈન — હાજર

૨૯.ડો. દર્શના ત્રિવેદી — ગેરહાજર

૩૦.ડો. આર. ટી. સાવલીયા — હાજર

૩૧.શ્રી પંકજભાઇ શુકલા — ગેરહાજર

૩૨.ડો. પંકજભાઇ ઠાકર — હાજર

૩૩.શ્રી રમેશભાઇ જે. ચૌધરી — હાજર

બા.ક્ર.૧ તા.૧૯-૦૮-૨૦૧૭ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૯-૦૮-૨૦૧૭ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધમાં બાબત ક્રમાંક : ૧૧ હેઠળ કરવામાં આવેલ ઠરાવ " આથી ઠરાવવામાં આવે છે કે તપાસ અંગેના અહવાલને એકિઝકયુટિવ કાઉન્સિલમાં ભલામણ માટે મુકવો " જેને બદલે " આથી ઠરાવવામાં આવે છે કે તપાસ અંગેના અહેવાલ પરત્વે યોગ્ય કાર્યવાહી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું " એમ સુધારીને વાંચવાનું રાખવું.**

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો જાણ સારૂ.

૨(૧) યુનિવર્સિટી સંલગ્ન એફીલીએટેડ કોલેજોની આચાર્યશ્રીની વર્ગ વધારા અંગેની અરજી ઉપર માન.કુલપતિશ્રીના આદેશથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલના આધારે આદેશ અનુસાર સ્વનિર્ભર કોલેજો પાસેથી રૂા.૩,૦૦,૦૦૦/- ડેવલપમેન્ટ ફંડ ભરાવી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ પૂરતીજ નીચેની કોલેજોમાં નિયત સંખ્યામાં વર્ગ વધારો આપ્યાનું.

| ક્રમ | કોલેજનું નામ | વિદ્યાશાખા | ડિવીઝનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જે.જી.કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર), એશીયા કેમ્પસ, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |
| ૨ | લોકમાન્ય કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર), શીવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |
| ૩ | નેશનલ કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર),ગુજરાત યુનિવર્સિટી પાસે, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |
| ૪ | નીલદીપ કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર), સોલા સાયન્સ સીટી રોડ, એસ.જી.હાઈવે, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |
| ૫ | ન્યુ એલ.જે.કોમર્સ કોલેજ (સ્વનિર્ભર),ન્યુ એલ.જે.કેમ્પસ, સરખેજ-સાણંદ સર્કલ કટારીયા મોટર્સ, એસ.જી.રોડ, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |
| ૬ | શ્રી નારાયણ કોલેજ ઓફ કોમર્સ (સ્વનિર્ભર), ઈસરો પાસે, જોધપુર ટેકરા, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |

| | | | |
|---|---|---|---|
| ૭ | એન.એમ.ઝાલ કોમર્સ કોલેજ (સ્વનિર્ભર), બી.એમ.હાઉસ,કાર્ગીલ પેટ્રોલપંપ, ગુજરાત હાઈકોર્ટ,ગણેશ મેરેડીયન, એસ.જી.હાઈવે, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |
| ૮ | પ્રેસીડન્ટ સાયન્સ કોલેજ (સ્વનિર્ભર), સાયોના કેમ્પસ,સાયોના સીટી, આર.સી.ટેકનીકલ રોડ, ઘાટલોડીયા, અમદાવાદ | બી.એસ.સી. | ૧ (એક) |
| ૯ | એલ.જે.ઈન્સ્ટીટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ (સ્વનિર્ભર), એલ.જે. કેમ્પસ, સરખેજ-સાણંદ સર્કલ કટારીયા મોટર્સ, એસ.જી. રોડ, અમદાવાદ | બી.એસ.સી. | ૧ (એક) |

નીચેની એક ગ્રાન્ટેબલ કોલેજ હોઈ ડેવલપમેન્ટ ફંડ લીધેલ નથી.

| ક્રમ | કોલેજનું નામ | વિદ્યાશાખા | ડિવીઝનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી એ.પી.પટેલ આર્ટસ એન્ડ લેટ શ્રી એન.પી.પટેલ કોમર્સ કોલેજ, (ગ્રાન્ટ ઈન એઈડ) શ્રી પ્રહલાદભાઈ કાશીદાસ પટેલ વિદ્યાશંકુલ, નરોડા, અમદાવાદ | કોમર્સ | ૧ (એક) |

૨(૨) શ્રી સ્વામીનારાયણ ફિઝીયોથેરાપી કોલેજ, જી.એસ.ટી.ક્રોસીંગ પાસે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.ફિઝીયોથેરાપી કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ બી.ફિઝીયોથેરાપી<br>દ્રિતીય બી.ફિઝીયોથેરાપી<br>તૃતીય બી.ફિઝીયોથેરાપી<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૩) ચૌધરી કોલેજ ઓફ એજયુકેશન, (મહિલા બી.એડ.), એસ.ટી.વર્કશોપ સામે, સેકટર-૭, ગાંધીનગર-૩૮૨૦૦૭ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોંને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૫૦ x ૨= ૧૦૦<br>(Two Basic Units) | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૬<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૭ સુધી |

૨(૪) બી.એમ.ઈન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ, નહેરૂબ્રીજ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે PGDRP (પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન રીહેબીલીએશન સાયકોલોજી) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન રીહેબીલીએશન સાયકોલોજી (PGDRP) | ૨૫ સીટો | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૭ થી તા.૩૦-૦૬-૨૦૧૮ સુધી |

૨(૫) જી.સી.એસ.મેડીકલ કોલેજ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, ડી.આર.એમ.ઓફીસ સામે, ચામુંડાબ્રીજ, નરોડા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૫ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે એમ.બી.બી.એસ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ, દ્રિતીય, તૃતીય, ચતુર્થ, પાંચમું વર્ષ એમ.બી.બી.એસ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૫૦ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૬) એપોલો ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી, એનાસણ, નરોડા-દહેગામ રોડ, અમદાવાદ-૩૮૨૩૩૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ<br>દ્રિતીય વર્ષ<br>તૃતીય વર્ષ<br>બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૭) અનન્ય ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી, કે.આઈ.આર.સી.કેમ્પસ, અમદાવાદ-મહેસાણા હાઈવે, કલોલ-૩૮૨૭૨૧, જી.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ફિઝીયોથેરાપી<br>દ્રિતીય વર્ષ બી.ફિઝીયોથેરાપી<br>તૃતીય વર્ષ બી.ફિઝીયોથેરાપી<br>(બી.પી.ટી.)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૮) આકાર અધ્યાપન મંદિર બી.એડ.કોલેજ, ગોતા ક્રોસ રોડ, ઓગણજ,અમદાવાદ-૩૮૦૦૬૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૧૦૦ સ્ટુડન્ટ | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૪<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૫ સુધી |

૨(૯) આકાર અધ્યાપન મંદિર બી.એડ.કોલેજ, ગોતા ક્રોસ રોડ, ઓગણજ, અમદાવાદ-૩૮૦૦૬૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૮ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૧૦૦ સ્ટુડન્ટ<br>(Two Basic Units) | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૫<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૮ સુધી |

૨(૧૦) આકાર ફિઝીયોથેરાપી કોલેજ, ગોતા ક્રોસ રોડ, ઓગણજ, અમદાવાદ-૩૮૦૦૬૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.ફિઝીયોથેરાપી કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ<br>બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.)<br>દ્રિતીય વર્ષ<br>બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.)<br>તૃતીય વર્ષ<br>બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૧૮<br>સુધી |

૨(૧૧) પી.ડી.પંડયા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન્સ, સ્મૃતિમંદિર, ધોડાસર, અમદાવાદ-૩૮૨૪૪૫ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૮ માટે બી.સી.એ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ, દ્રિતીય વર્ષ,<br>તૃતીય વર્ષ બી.સી.એ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૦૨<br>(૧૨૦ સીટો) | ચાલુ<br>(એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૬<br>થી<br>તા.૧૪-૦૬-૨૦૧૮<br>સુધી |

૨(૧૨) એ.એમ.સી.મેટ નર્સિંગ કોલેજ, શેઠ વી.એસ.જનરલ હોસ્પિટલ કેમ્પસ,એલીસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.એસ.સી.(નર્સિંગ) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસ.સી.(નર્સિંગ)<br>દ્રિતીય વર્ષ બી.એસ.સી.(નર્સિંગ)<br>તૃતીય વર્ષ બી.એસ.સી.(નર્સિંગ)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૧૮<br>સુધી |

૨(૧૩) એન.આર.ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી, એન.આર.હાઉસ, ચામુંડા બ્રીજ, નરોડા રોડ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.ફિઝીયોથેરાપી કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ફિઝીયોથેરાપી<br>દ્રિતીય વર્ષ બી.ફિઝીયોથેરાપી<br>તૃતીય વર્ષ બી.ફિઝીયોથેરાપી<br>(સ્વનિર્ભર ધોરણે) | ૭૦+૩૦=૧૦૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૧૮<br>સુધી |

૨(૧૪) કનોરીયા સેન્ટર ફોર મેડીકલ એજયુકેશન, ઈન્દિરાબ્રીજ પાસે, એરપોર્ટ રોડ, મુ.ભાટ ગામ, જી.ગાંધીનગર-૩૮૨૪૨૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે ડિપ્લોમા કોર્સ ઈન એજયુકેશન કાઉન્સેલીંગ (DCEC) અને ડીપ્લોમા કોર્સ ઈન ચાઈલ્ડ પેરન્ટલ કાઉન્સેલીંગ (DCCPC) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| ડીપ્લોમા કોર્સ ઈન એજયુકેશન કાઉન્સેલીંગ (DCEC)<br>ડીપ્લોમા કોર્સ ઈન ચાઈલ્ડ પેરન્ટલ કાઉન્સેલીંગ (DCCPC)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૩૦ | ચાલુ<br>(એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૭<br>થી<br>તા.૧૪-૦૬-૨૦૧૮<br>સુધી |

૨(૧૫) કનોરીયા સેન્ટર ફોર મેડીકલ એજયુકેશન, ઈન્દિરાબ્રીજ પાસે, એરપોર્ટ રોડ, મુ.ભાટ ગામ, જી.ગાંધીનગર-૩૮૨૪૨૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રથમ અને દ્રિતીય વર્ષ ડીપ્લોમા ઈન કોમ્યુનીટી એન્ડ

કલીનીકલ સાયકોલોજી (DCCP) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ અને દ્રિતીય વર્ષ ડિપ્લોમા ઈન કોમ્યુનીટી એન્ડ કલીનીકલ સાયકોલોજી (DCCP) (સ્વનિર્ભર ધોરણે) | ૩૦ | ચાલુ (એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૭ થી તા.૧૪-૦૬-૨૦૧૮ સુધી |

૨(૧૬) એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ, એલ.જી.હોસ્પિટલ, મણીનગર, અમદાવાદ-૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે એમ.બી.બી.એસ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ, દ્રિતીય, તૃતીય, ચતુર્થ અને પાંચમુ વર્ષ એમ.બી.બી.એસ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૫૦ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૧૭) શ્રી ઉમિયા કોલેજ ઓફ એજયુકેશન, આનંદ કોલોની, પૂજા વિધાલય કેમ્પસ, બરોડા એક્ષ્પ્રેસ વે પાસે, સી.ટી.એમ. અમદાવાદ-૨૬ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૫૦ સ્ટુડન્ટ (One Basic Unit) | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૬ થી તા.૩૦-૦૬-૨૦૧૭ સુધી |

૨(૧૮) ડૉ.એમ.કે.શાહ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વિસત-ગાંધીનગર હાઈવે,તપોવન સર્કલ પાસે, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે એમ.બી.બી.એસ. કોર્ષના નવા (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૫૦ સ્ટુડન્ટ | નવુ (એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૧૯) શ્રી ઉમિયા કોલેજ ઓફ એજયુકેશન, આનંદ કોલોની, પૂજા વિધાલય કેમ્પસ, બરોડા એક્ષ્પ્રેસ વે પાસે, સી.ટી.એમ.અમદાવાદ-૨૬ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણનો પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૫૦ સ્ટુડન્ટ (One Basic Unit) | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૭ થી તા.૩૦-૦૬-૨૦૧૮ સુધી |

૨(૨૦) Apex Heart Institute, Block:G-K, Mendeal Business Park, Near Gurudwara, S.G.Road, Ahmedabad-380054ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું ઓર્ડીનન્સ 35-એ અંતર્ગત અત્રેથી મુકેલ સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

૨(૨૧) National Institute of Mass-Communication & Journalism, 401, Sapath-1, Opp-Rajpath Club, S.G.Highway, Bodakedv, Ahmedabadની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું ઓર્ડીનન્સ O.120 (C) અંતર્ગત અત્રેથી મુકેલ સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

૨(૨૨) તા.૨૮-૦૩-૨૦૧૭ના VoL.LVIII, The Gujarat Government Gazette તથા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા.૩૧-૩-૨૦૧૭ના પત્રમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત એકટ નં.૧૦/૨૦૧૭ તા.૩૧-૩-૨૦૧૭થી સ્વર્ણિમ સ્ટાર્ટપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, મુ.ભોયણ રાઠોડ, અડાલજ-શેરથા રોડ, તા.જી.ગાંધીનગરને ખાનગી યુનિવર્સિટીનો દરજજો આપવામાં આવેલ.
ગુજરાત સરકારના ગેઝેટ તથા શિક્ષણ વિભાગના ઉપરોકત પત્રના આધારે એકિઝકયુટીવ કાઉન્સિલવતી માન.કુલપતિશ્રીએ જી.પી.જૈન ચેરીટેબલ ટ્રસ્ટ, ૩૫, વર્લ્ડ બિઝનેશ હાઉસ, પરીમલ ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદની નીચે મુજબની સંસ્થાઓ જાહેરનામાની તારીખથી ગુજરાત યુનિવર્સિટીમાંથી વિલગ્ન (Deaffiliate) કર્યાનું.

| ક્રમ | કોલેજ/ઈન્સ્ટીટયુટનું નામ | સરનામુ | કોર્સ |
|---|---|---|---|
| ૧ | વિનસ ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી | મુ.ભોયણ રાઠોડ, અડાલજ-શેરથા રોડ, તા.જી.ગાંધીનગર | બી.ફિઝીયોથેરાપી (બી.પી.ટી.) |
| ૨ | વિનસ એકેડેમિ ઓફ ડિઝાઈન ટેકનોલોજી (બી.ઈન્ટીરીયર ડિઝાઈન) | મુ.ભોયણ રાઠોડ, અડાલજ-શેરથા રોડ, તા.જી.ગાંધીનગર | બી.ઈન્ટીરીયર ડિઝાઈન |

૨(૨૩) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયની એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝની તા.૨૨-૦૫-૨૦૧૭ના રોજ મળેલ બોર્ડ ઓફ સ્ટડીઝની સામેલ મીટીંગની મીનીટસ મંજુર કર્યાનું.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત ક્રમાંક : ૨(૧) થી ૨(૨૩) સુધીના કાર્યોની નોંધ લઇ મંજુર કરવાનું રાખવું અને તદ્નુસાર એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૩ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓકયુપેશનલ હેલ્થ, અમદાવાદની પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન ઓકયુપેશનલ હેલ્થ નામનો પી.જી.ડિપ્લોમા કોર્સ પુન: શરૂ કરવાની મંજુરી અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત પી.જી. ડિપ્લોમા કોર્સ પૂનઃ શરૂ કરવા અંગેની બાબત નીડ કમીટી સમક્ષ મુકવાનું રાખવું.**

બા.ક્ર.૪ ડૉ.પી.પી.પ્રજાપતિ, ડીનશ્રી ફેકલ્ટી ઓફ આર્ટસ દ્વારા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો શ્રી કાર્તિક ભટ્ટ તથા શ્રી સંજય પરદેશીની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અંગેની આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે વિગતે અભ્યાસ કરીને યોગ્ય કાયદાકીય પગલા સુચવવા નીચેના સભ્યશ્રીઓની કમીટી નિયુકત કરવાનું રાખવું :**

**(૧) ડો. દિગ્વિજયસિંહ ગોહિલ, (૨)ડો. જસવંત ઠકકર અને (૩) ડો. સવિતાબેન ગાંધી**

બા.ક્ર.૫ ગુજરાત યુનિવર્સિટીમાંથી Engineering faculty GTUમાં ગયા બાદ અમૂક વિધાર્થીઓનું M.C.A.માં પીએચ.ડી.અભ્યાસક્રમમાં Engineering faculty ખાતે registration થયેલ છે, તે Computer Science, Science facultyમાં હોઈ આવા રજીસ્ટ્રેશન "Science faculty"માં ટ્રાન્સફર કરવા અંગે વિચારણા કરવા બાબત. (Orderની નકલ પરિશિષ્ટ-૧ તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે M.C.A.માં પીએચ.ડી. અભ્યાસક્રમમાં Engineering faculty ખાતે થયેલ ઉપરોકત રજીસ્ટ્રેશન "Science faculty"માં ટ્રાન્સફર કરવાની મંજુરી આપવાનું રાખવું.**

બા.ક્ર.૬ શિક્ષણ વિભાગના તા.૬-૩-૨૦૧૭ના ઠરાવ ક્ર:ગજય/૧૩૧૧/૮૬૭૨૫૫/ખ-૨ મુજબ ખાલી પડેલ બિનશૈક્ષણિક જગ્યાઓને આંતરિક ફેરફારથી ભરવા મંજૂરી આપેલ છે, યુ.જી.સી.એમ.એચ.આર.ડી/ભારત સરકારના ઠરાવ ક્ર:(૧) F.10-52/87-Desk (U) તા.૨-૧૧-૧૯૮૮ (૨) ક્ર:૧-૩૨/૨૦૦૬ U/II/I(ii) તા.૩૧-૧૨-૨૦૦૮ના યુ.જી.સી.ના પરિપત્ર મુજબ જગ્યા પ્રમોશનથી ભરવા અંગે ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની તા.૧૦-૦૬-૨૦૧૭ની બા.ક્ર:૧૨ તથા એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૧૦-૬-૨૦૧૭ની બા.ક્ર.૩માં થયેલ ઠરાવ મુજબ ડેપ્યુટી રજીસ્ટ્રારની-૧ જગ્યા, આસિ.રજીસ્ટ્રારની-૩ જગ્યા પર સીનીયોરીટીને ધ્યાને લઈ સામેલ યાદી મુજબ બઢતી આપવા અંગે તા.૧૯-૮-૨૦૧૭ની એકેડેમિક કાઉન્સિલમાં સદરહુ બાબત મુકાયેલ જેમાં તા.૧-૮-૨૦૧૭ના રોજની પરિસ્થતિના યુનિવર્સિટીના સીનીયોરીટી લીસ્ટને વંચાણે લઈ કાર્યવાહી કરવા જણાવેલ જે અનુસંધાનમાં પ્રશ્ન નિવારણ સમિતિ સમક્ષ વિવિધ રજુઆતો આવતાં તા.૩૦-૮-૨૦૧૭ના રોજ માન.કુલસચિવશ્રી દ્વારા અપાયેલ પત્રમાં સંભવિત પ્રમોશનની બાબત કર્મચારી પ્રશ્ન નિવારણ સમિતિ સમક્ષ મુકી એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝકયુટીવ કાઉન્સિલમાંથી મંજુરી મળે પછી જ અમલમાં મુકવા જણાવેલ જે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે ચર્ચાવિચારણા બાદ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે સરકારશ્રી દ્વારા મંજુર કરાયેલ જગ્યા ઉપર એમ.એચ.આર.ડી.-ભારત સરકાર, યુ.જી.સી. તથા ગુજરાત યુનિવર્સિટીના ધારાધોરણો અનુસાર ડેપ્યુટી રજીસ્ટ્રારની એક જગ્યા પર હાલ આસી.રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા શ્રી પી.એમ.જોષીને તેમજ આસી.રજીસ્ટ્રારની એક જગ્યા પર હાલ સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી એચ. એન. ગઢવીને પ્રમોશન આપવાનું રાખવું અને એકિઝ.કાઉન્સિલ તા.૧૬/૨૪-૦૬-૧૯૭૯ના ઠરાવ અન્વયે હાલ મહેકમ વિભાગમાં સ્ટેનોગ્રાફર તરીકે**

**ફરજ બજાવતા શ્રી વી. સી. ઓઝાને પી.એ. ટૂ રજીસ્ટ્રારની જગ્યા પર પ્રમોશન આપવાનું રાખવું. આ ઉપરાંત આસી. રજીસ્ટ્રારની બે જગ્યા, સેકશન ઓફિસર, હેડ કલાર્ક વિગેરેની ખાલી જગ્યાપર પ્રમોશન આપવાની બાબત પૂનઃ કર્મચારી પ્રશ્ન નિવારણ સમિતિ સમક્ષ મુકવાનું રાખવું, જે સમિતિ પર આમંત્રિત સભ્ય તરીકે સરકારશ્રીના નિવૃત્ત અધિકારીશ્રી અશોકભાઇ પટેલનો અભિપ્રાય મેળવવાનું રાખવું અને ત્યારબાદ પણ જરૂર જણાય તો કાયદાકીય અભિપ્રાય મેળવવાનું રાખવું.**

બા.ક્ર:૭ ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા ચલાવાતા મેડીકલ ફિઝીકસ કોર્સને ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર (બી.એ.આર.સી.) દ્વારા ત્રણ વર્ષનું જોડાણ મેળવવા જણાવેલ તે અન્વયે ત્રણ વર્ષનું જોડાણ મેળવવા આવેલ સંસ્થાની રજુઆત બાબત ચર્ચા વિચારણા કરવા અંગે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બી.એ.આર.સી.કાઉન્સિલની જરૂરીયાત મુજબ કાર્યવાહી કરવાનું રાખવું.**

બા.ક્ર:૮ (૧) તા.૧૨-૧૦-૨૦૧૭ના રોજ મેડીકલ ફેકલ્ટીઝની બોર્ડ ઓફ સ્ટડીઝની અભ્યાસ સમિતિની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની સામેલ મીનીટસ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીની બોર્ડ ઓફ સ્ટડીઝની અભ્યાસ સમિતિની ઉપરોકત સભાની મીનીટસ મંજુર કરવાનું રાખવું.**

(૨) BRS/MSW એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝની એક મીટીંગ તા.૧૧-૧૦-૨૦૧૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં બપોરે ૦૧-૩૦ કલાકે મળી હતી, જેની સામેલ મીનીટસ અનુસાર MSW-M.Philનો અભ્યાસક્રમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે BRS/MSW એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝની ઉપરોકત સભાની મીનીટસ અનુસાર MSW-M.Philનો અભ્યાસક્રમ મંજુર કરવાનું રાખવું.**

બા.ક્ર:૯ કે.એસ.સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટની ૫૫મી એડવાઈઝરી કમિટીની મીટીંગની મીનીટસમાં બાબત ક્રમાંક-૪ (ગ્રેડીગ પેટન્ટમાંથી માર્ક સીસ્ટમમાં ફેરફાર) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કે.એસ.સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટની ૫૫મી એડવાઈઝરી કમિટીની મીટીંગની મીનીટસમાં બાબત ક્રમાંક-૪ હેઠળ ગ્રેડીંગ પેટન્ટમાંથી માર્ક સીસ્ટમમાં ફેરફાર અંગે કરવામાં આવેલ ઠરાવ મંજુર કરવાનું રાખવું.**

આ ઉપરાંત, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા :

૧૦) અન્ય વિધ્યાશાખામાંથી આવતા વિધ્યાર્થીઓને વિનયન વિધ્યાશાખામાં પ્રવેશ માટે ૩૦ માર્કસની ઓબ્જેકટીવ અને ૨૦ માર્કસની ઓબ્જેકટીવ મળીને કુલ ૫૦ માર્કસની સ્ક્રીનીંગ ટેસ્ટ ઉત્તીર્ણ કર્યા બાદ પ્રવેશ આપવાનું રાખવું અને સદરહુ ટેસ્ટનું સ્ટ્રકચર તૈયાર કરવા સહિત ટેસ્ટ લેવાની કામગીરી ડો. રંજનાબેન અરગડેને સોંપવાનું રાખવું. સદરહુ ટેસ્ટનું સ્ટાન્ડર્ડ જે તે વિષયના ગ્રેજયુએશન લેવલનું રાખવું.

૧૧) એમ.કોમ.ના ડીગ્રી સર્ટીફીકેટ તેમજ માર્કશીટમાં મુખ્ય વિષય દર્શાવવા માટે ડો. એચ.સી. સરદારે કરેલ સુચન પરત્વે અહેવાલ આપવા પ્રો. ભારતીબેન પાઠક, ડો. જસવંતભાઇ ઠકકર અને ડો. એચ.સી.સરદારની કમીટી નિયુકત કરવાનું રાખવું.

૧૨) ગુજરાત યુનિવર્સિટી ખાતે જુદી જુદી શૈક્ષણિક જગ્યાઓ અંગેના ઇન્ટરવ્યુ તા.૧૧-૧૦-૨૦૧૭ થી તા.૧૪-૧૦-૨૦૧૭ સુધી લેવાયેલા, જે પરત્વે વરણી સમિતિએ કરેલ ભલામણો સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.

૧૩) ગુજરાત યુનિવર્સિટીના એકેડેમિક સ્ટાફ કોલેજમાં જે પીએચ.ડી. ના વિધ્યાર્થીઓએ interactive programme માં participate કરી સર્ટીફીકેટ મેળવેલ છે તેમને course work સમાન ગણી પીએચ.ડી. વાઇવા માટે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કા.કુલસચિવ

નં.એકેડેમિક/૪૫૮૮૪/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ, તા.૦૩-૧૧-૨૦૧૭

બા.ક્ર. ૫
પરિશિષ્ટ-૧
એકેડેમિક કાઉન્સિલ

18th Sept., 2017

To,
Hon. Vice Chancellor,
Gujarat University
Ahmedabad

Subject: Change of faculty for PhD registration

Respected Sir,

I had registered for the degree of PhD in the subject of Computer Science under Engineering faculty as the degree was being granted under the faculty of Engineering. However, as the Engineering faculty has been de-affiliated since 2009, it is my humble request to kindly transfer my registration from Faculty of Engineering to Faculty of Sciences.

Thanking You,

Yours Sincerely,

Hardik Joshi

Hardik Joshi
PhD Reg. No: 6046
Dept. of Computer Science,
Gujarat University

Forwarded with the request to kindly do the needful.

Jyoti Pareek
18/09/2017

50-copy

# GUJARAT UNIVERSITY

Regn. No: 6046

Registration Date:
20-10-2011

Fee Receipt No: 13
Guide: Dr. Jyoti Pareek
Serial No: 238
Faculty: Engineering

## CERTIFICATE OF REGISTRATION FOR Ph. D. DEGREE

Certified that ***Joshi Hardik Jitendrakumar*** has registered himself/ herself as a post graduate student of the University working for the Degree of Ph. D. in the subject of ***Computer Science*** and he/ she shall submit his/ her thesis latest by

The topic of Research is as follows:

TOWARDS AUTOMATIC INDEXING OF GUJARATI TEXT DOCUMENTS

Ahmedabad

Kadia RK
for Registrar
Gujarat University